**પોલીસ પુત્રોનો માત્ર સુરતમાં જ હાહાકાર નથી... આ ચકલા ગુજરાત આખામાં ફૂલેકે ચઢે છે... રોક શકો તો રોક લો**

# લાઇનબોય... ટાબરિયાનો બાપાને પડકાર !

### લાઇન બોય... ખાખી કપડાંને પુત્રોનો પડકાર

તંત્રીશ્રી,

સુરતમાં પોલીસ પુત્રોએ ગેંગરેપ કરીને મોદી શાસનની ધાકના ધજાગરા ઉડાવી દીધા. ભયાનક લોક આક્રોશ જોઈને સરકારે લબાડ જેવા પોલીસ અધિકારીની રાતોરાત બદલી કરી દીધી. ગુજરાતમાં કેવી વિચિત્ર સ્થિતિ ગણાય કે - નબળા પોલીસ કમિશ્નરને બદલવા માટે ગેંગરેપની જરૂર પડે છે... સૌરાષ્ટ્રમાં ગુન્હાખોરી વધી રહી છે, પોલીસને કંઇ પડી નથી. લાગે છે કે, રાજકોટ - સૌરાષ્ટ્રમાં કડક પોલીસ અધિકારી મૂકવા સરકાર એકાદ ગેંગરેપની રાહ જુએ છે.

ખેર, સુરતમાં નાલાયક પોલીસ પુત્રોએ જ ગુજરાત પોલીસની આબરૂની હરરાજી કરી નાંખી છે. પોલીસપુત્રોનો હાહાકાર માત્ર સુરતમાં જ નહિ, ગુજરાત આખામાં છે. આ ચકલા દરેક શહેર - ગામમાં ફૂલેકે ચઢે છે તેને રોકનારૂં કોઇ નથી. રાજકોટ - સૌરાષ્ટ્રમાં રિક્ષા સહિતના ખાનગી વાહનોમાં પોલીસના સિમ્બોલિક કલર લાલ-બ્લ્યુનો ઉપયોગ થાય છે. આ વાહનો પોલીસ તંત્ર સાથે સંબંધ ધરાવતા હોવાનું સૂચવે છે અને તેના ચાલકો બેફામ બનતા હોય છે. લોકો 'કલર'ના કારણે કંઇ કહેતા નથી, પણ કહેવાતી તાકાતવાળી સરકાર પોતાનો અસલી રંગ કેમ નથી દેખાડતી ? પોલીસતંત્રના સ્વજનો જ બેફામ બની રહ્યા છે, આ અંગે ગંભીર બનવું જરૂરી છે. લાઇનબોય પોલીસના કહ્યામાં ન હોય તો સરકારે તેને 'લાઇન'માં લેવા જોઇએ. એક વાત યાદ રાખવી જોઇએ પાંચ કરોડ ગુજરાતીઓ વિફરશે તો એ સરકારના 'કહ્યામાં' પણ નહિ રહે. અન્ય પણ એક મહત્વની બાબત છે કે, કોઇ યુવતી પર નાલાયકો બળજબરી કરે તો પાસે ભલે હથિયાર ન હોય પણ કટોકટીની ક્ષણે હિંમત કરીને યુવતીએ પોતાના હાથની બે આંગળી નાલાયકની આંખોમાં ખોસી દેવી જોઇએ. સરકાર ઉંઘતી રહેશે તો દરેકે આત્મરક્ષણ માટે સજ્જ થવું જ પડશે.

- સમીર સોલંકી

### વ્યાપારીકરણ અટકાવો

તંત્રીશ્રી,

આપણા દેશમાં આપણા દેશના ભાઇ બહેનોને શિક્ષણ હંમેશા સસ્તુ, સારૂ, ઉત્તમ, માનવતા, સંસ્કાર, સાદગી, દેશ પ્રેમ, યોગ, નાડી, ચિકિત્સા વિ.ને મહત્વ આપતુ મળી રહે અને આપણા દેશમાં બીજા દેશનો વિદ્યાર્થી ભણવા આવે ત્યારે તેને જ મોંઘુ શિક્ષણ આપો. આપણા દેશમાં આપણા બાંધવોને અતિ મોંઘુદાટ શિક્ષણનો અપાય. દેશ બાંધવો માટે શિક્ષણ હંમેશા ઉત્તમ કવોલિટીનું તમામ જગ્યાએ હંમેશા સંસ્કાર, સાદગી, માનવતાની છાંટ સાથે મળે તે ઈચ્છનીય છે.

- દેવયાની (દ્વારકા)

### શિક્ષણ સેવાનું કેન્દ્ર

તંત્રીશ્રી,

આપણા દેશમાં આપણા બાંધવોને સસ્તુ, સંસ્કાર, સાદગી, માનવતા, દેશપ્રેમ, યોગ, શ્રમ, સાંસ્કૃતિક વારસાથી પરિચત થાય તેવું, શિક્ષણ ખાનગી શાળા, કોલેજો તથા સરકારી શાળા કોલેજો આપે તો જરૂરી છે. શિક્ષણ આપણા દેશ બાંધવો માટે જ વેપારનું નહિ પરંતુ સેવાનું, સંસ્કારનું, સાદગી વિ.નું પ્રતિક બનવું જ જોઇએ. વિદેશી વિદ્યાર્થી પાસેથી મસમોટી ફી સરકારી તથા ખાનગી તમામ શાળા કોલેજો વસુલે તેમાં વાંધો ન હોઇ શકે પરંતુ આપણા જ દેશ બાંધવો આપણા જ પોતાના ભાઇ, બહેન સાથે મસ મોટી ફી વસુલે તે યોગ્ય છે ખરૂં ?

- લખુભાઇ

### મેડીકલેઇમ સીધું ચુકવો

તંત્રીશ્રી,

તમામ મેડીકલેઇમ ઉતારતી ખાનગી તથા જાહેર ક્ષેત્રની કંપની, દર્દીઓને મળવાપાત્ર કલેઇમ સીધે સુધી જેતે હોસ્પિટલને જ મોકલે તો દર્દીઓને ઉછી-ઉધારા કરી હોસ્પિટલના બીલ ચુકવવામાંથી મુક્તિ મળે અને વીમા કંપનીને કાગળીયાની કસરત કરવામાંથી મુકિત મળે તથા મેડીકલેઇમ પોલીસીના દરો ઘટાડો તથા વિમા કંપનીઓ તેની કચેરીમાં મહત્તમ સોલાર સિસ્ટમ લગાવી વીજળીની બચત કરે, નજીવા દરની સોલાર સિસ્ટમ ફાયદાકારક હોય ખર્ચ ઘટશે, નફો વધશે.

- ડો. નિલા જે. જાની (રાજકોટ)

### ગુજરાતને અન્યાય

તંત્રીશ્રી,

કેન્દ્રની કોંગ્રેસ - યુ.પી.એ. સરકારે સૌથી વધુ મહારાષ્ટ્રનાં, એમ.પી.ને પ્રધાન બનાવ્યા ગુજરાતને બહુ ઓછું મહત્વ અપાયું તેમાંય સૌરાષ્ટ્રને કશું જ ન મળ્યું તેનો રંજ સૌરાષ્ટ્રના મતદારોને અવશ્ય રહેશે. લોકપ્રિયતાની ટોચે પહોંચેલ મોદીજીએ ગુજરાત વિધાનસભામાં સૌરાષ્ટ્ર અને કચ્છને પુરતું મહત્વ આપ્યું છે. કોંગ્રેસ અને ભાજપમાં આટલો ફેર હોય છે. ભાજપ સંસ્કારી, સાદગી, માનવતા, દેશ પ્રેમ, શ્રમને મહત્વ આપનારો શ્રેષ્ઠ પક્ષ છે, હતો અને હંમેશા રહેશે.

- ઉમેશ ડી. પંડયા (રાજકોટ)

### સંસ્કારને મહત્વ આપો

તંત્રીશ્રી,

તમામ સ્તરે આપણે સૌએ યોગને તથા સંસ્કારને માનવતાને, સાદગીને, નિસ્વાર્થ સેવાને તથા શ્રમને મહત્વ આપવું જ પડશે. શિક્ષણમાં ખાસ સંસ્કાર, સાદગી તથા દેશપ્રેમ, માનવતા તેમજ શ્રમને મહત્વ આપવું પડશે. પૈસાને તથા દેખાવને નહિ પણ ગુણવાનને સંસ્કકરી વ્યકિતઓને મહત્વ આપીએ તે સમયની માંગ છે.

- ડો. નિલાબેન જાની (રાજકોટ)

### ટ્રાફિક પોલીસ મુકો

તંત્રીશ્રી,

કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ, વિમલનગર મેઇન રોડ, આલાપ સેન્ચ્યુરીવાળો રોડ, એ.જી. સ્ટાફ કવાર્ટર આસપાસવાળા રોડ ઉપર ઠેક-ઠેકાણે રજાના દિવસો સિવાય સ્કૂલ શરૂ થવાના સમયે સવારે ૬.૩૦ થી ૮.૪૦ અને બપોરે ૧૨ થી ૧.૪૫ સુધી ઠેર-ઠેર ટ્રાફીક પોલીસ મુકવા તથા શાળાના બાળકોને માતેલા સાંઢ જેવા છકડાવાળા હેરાન ન કરે તે માટે ઠેક-ઠેકાણે સ્પીડબ્રેકર મુકવા જોઇએ.

- ડી.એચ.ત્રિવેદી (રાજકોટ)

### રેલ્વે ડબલ ટ્રેક કરે

તંત્રીશ્રી,

રાજકોટની વેરાવળ તથા રાજકોટથી આખો તથા રાજકોટની સુરેન્દ્રનગર ડબલ ટ્રેક કરવાની જરૂર છે તથા રેલ્વેએ ઈલેકટ્રીસીટીને બદલે જે ઈંધણ સસ્તુ પડતું હોય તેનાથી ટ્રેન દોડાવો તથા રેલ્વે ખુદ સોલાર સીસ્ટમ, પવન ચક્કી, ગોબરગેસ પ્લાન્ટનો મહત્તમ ઉપયોગ કરી ખર્ચ બચાવી નફો વધારે તથા રાહતદરે મુસાફરોને રહેવા, જમવા, નાસ્તાની વ્યવસ્થા કરે, ટ્રેનમાં અંદર દરેક યાત્રીને નાસ્તા, ચા, જમવાનું બીલ આપો.

- નેશનલ યુથ પ્રોજેક્ટ (રાજકોટ)

**મોકળુ મેદાન...ઉઠાવો કલમ**

**પ્રિય વાચક મિત્રો,**

**''મોકળુ મેદાન'' વિભાગ દર ગુરૂવારે પ્રકાશિત થાય છે. જેમાં આપનાં મંતવ્યો, પ્રશ્નો તથા સ્વરચિત કાવ્યકૃતિઓ, હાઇકુ, લઘુકથાઓ અને કાર્ટૂનો પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપના અભિપ્રાય, પ્રશ્નો, કૃતિઓ પોસ્ટકાર્ડ પર પણ મોકલી શકાય છે... ઉઠાવો કલમ**

**: સરનામૂ :**
**અકિલા દૈનિક**
**મોટી ટાંકી ચોક, સદર, રાજકોટ**

### એલટીસી અંગે વિચારો

તંત્રીશ્રી,

રાજ્ય સરકારે પ્રાઈવેટ સારા વર્ષો જુના અનુભવી ટુર ઓપરેટરોને એલટીસી પ્રવાસ જરૂરી ફી લઇને મંજુરી આપવી જોઇએ અને તેઓને સારામાં સારી સુવિધા તથા તમામ સ્થળોને પુરતો ન્યાય આપવા તાકીદ કરીને આવી મંજુરી અપાય તે જરૂરી છે. ભંગ કરનારને બીજી વખત આકરી ફી અને કડક શરતોને આધીન મંજુરી અપાય તો કર્મચારીઓને સારી સુવિધા પ્રાપ્ત થશે. રાજ્ય સરકાર તાકીદે કર્મચારીઓને રેલ્વે સાથે જ તે રાજ્યના ટુરીઝમની બસોને ઉપયોગ કરનાર કર્મચારીઓને પણ પૂરેપૂરું એલટીસી ભથ્થું આપવું જોઈએ અને કર્મચારીઓને હાલમાં એલટીસીનાં લાભોમાં નોંધપાત્ર વધારો કરી, કર્મચારીઓને મદદરૂપ બનવું જોઈએ. તેવું મારૂ માનવું છે. એલટીસીનો પ્રવાસ જે કર્મચારી ઓછામાં ઓછો ૨,૦૦૦ કિ.મી. ટ્રેનમાં અથવા એસ.ટી. અથવા જે તે રાજ્યની ટુરીઝમની બસમાં પ્રવાસ કરે તે કર્મચારી અથવા અધિકારીને ૬,૦૦૦ કિ.મી.નું મળવાપાત્ર જે તે વર્ગનું રેલ્વેનું ભાડું આપવામાં આવે. કર્મચારી અથવા અધિકારીને મળવાપાત્ર વર્ગમાં જ ભથ્થું આપવામાં આવે તથા જ્યાં જ્યાં ફરે કિ.મી. દીઠ વધારાના રૂા. ૭ ચુકવવા જોઈએ. એલટીસી પ્રક્રિયા અત્યંત સરળ અને ઝડપી બનાવી જરૂરી છે. અત્યારે ટુર ઓપરેટરો ૧૦ થી ૧૮ દિવસના રૂા. ૧૩,૦૦૦ થી રૂા. ૨૦,૦૦૦ જેવો ૧૫ થી ૧૮ દિવસનો ચાર્જ એલટીસી માટે નક્કી કરેલ છે ત્યારે રાજ્ય સરકારે એલટીસીનો લાભ લેનાર અધિકારી વર્ગ તથા કર્મચારી વર્ગને વધુમાં વધુ રકમ ચુકવવી જોઈએ.

- દિલીપભાઇ ત્રિવેદી (રાજકોટ)

**લઘુકથા**

### ગૂઢાર્થ

પુત્ર સંજૂબાબાને સ્વિમીંગ કરતાં જોઇ રસિકભાઇ તથા રસીલાબેન બંને એકી સાથે બોલી ઉઠયા - અરે, જો તો ખરા આપણો સંજૂ કેવી મસ્તીમાં સ્વિમ કરી રહ્યો છે ! આવાં ઉનાળામાં તે ઠંડક અનુભવે છે. તેનાં ચહેરાની કુદરતી હાસ્ય છટા, જાણે બાળ કાનુડો કિલકારી કરે તેવી ભાસે છે. રસિકભાઇએ વળી એક વાક્ય ઉમેરતા કહ્યું - 'તે મનોહર હાસ્યમાં જાણે જીવનનો ગૂઢાર્થ છૂપાયો છે.'

રસીલાબેનએ ગૂઢાર્થને તુરંત જ પામી ગયા હોય તેમ બોલ્યા - 'આ દુનિયા અનેક અવનવાં અનુભવોની 'મહાનદી' છે. જેમાં માણસ સતત તરવાનો પ્રયત્ન કરે, તો જ તે પાર ઊતરે. જેને તરતા ન આવડે તે ડૂબી જાય. ઊનાળામાં સ્નાનથી જે ઠંડક પામીએ છીએ તેવી જ બીજાનાં કાળજાને ઠંડક આપીએ તો... હંમેશા ગમગીન રહેવા કરતા હસમુખ ચહેરે અન્યને પ્રસન્ન કરીએ તો જ સાચી સમજણ છે. સાચો માનવ ધર્મ છે.'

આવું ઉમદા ગૂઢાર્થ સાંભળીને રસિકભાઇ ખુશ-ખુશાલ થયા. પત્ની પ્રત્યે એમનાં મુખેથી સાધુ-સાધુ શબ્દો સરી પડયા.

- પ્રા. શાંતિલાલ સિણોજિયા (જામજોધપુર)

### કોલેજો : બેકારીના ધમધમતા કારખાના

તંત્રીશ્રી,

ભારતમાં અંગ્રેજ શાસન હતું ત્યારે તેમની જરૂરીયાત માટે યુનિવર્સિટી ખોલી અને હીસાબનીસ માટે બી.કોમ. અને પ્રજાને સમજાવી શકે તે માટે બી.એ.ના અભ્યાસક્રમો ચાલુ કર્યાઆજે ૬૦ વર્ષ પછી પણ આપણે આ શિક્ષણ ક્ષેત્રે ચિંતન કર્યું નથી તેના કારણે આજે માંગ કરતા પુરવઠો વધી ગયો તેથી આવા ડીગ્રી ધારકો માટે આપણી પાસે રોજી રોટીની કોઇ ગુંજાઇશ રહી નથી એટલે આવી કોલેજો આપણે વધારીને બેકારોમાં વધારો કરવા સિવાય બીજું કશું જ કર્યું નથી હવે આ વિભાગમાં એક ફેકલ્ટીનો વધારો થયો.

અત્યાર સુધી પી.ટી.સી. કોલેજો સરકાર દ્વારા ચલાવાતી હતી તે તેની ૪૪૦૦ સીટો હતી તેથી સરકારની દર વરસે પાંચ હજાર જેટલી જરૂરીયાત હોય તેથી પી.ટી.સી.ની ડીગ્રી ધારક અભ્યાસ પુરો કરે કે તરત સરકાર તેને રોજી રોટી માટે શિક્ષકનો ઓર્ડર આપીને રાષ્ટ્રના યુવાધનને ન્યાય પ્રધાન કરી શકાતી હતી.

હવે આ પી.ટી.સી. કોલેજ ચલાવવાની જવાબદારીમાંથી કદાચ સરકાર છટકવા માંગતી હોય તેવા નિર્ણયો કર્યા. સ્વનિર્ભર કોલેજોને મંજુરી આપી મંજુરી આપતી વખતે રાષ્ટ્રીય ચિંતન કરવાને બદલે પાર્ટી ફંડને અગ્રતા આપી હશે તેથી હાલ ૪૩૭ પી.ટી.સી. કોલેજો કાર્યરત છે. તેમાં લાખોના ડોનેશન અને હજારોની ફીના ધોરણોથી કરોડોનું ટર્નઓવર કરતી શિક્ષણ ઈન્ડસ્ટ્રીઝ બનાવી દીધી છે પણ તેમાં પ્રમાણ ભાત રહ્યું નહી હોવાથી બેકાર પી.ટી.સી. યુવાધન રાષ્ટ્રના કોઇ પણ ક્ષેત્રમાં યોગદાન આપીને પોતાની જરૂરીયાત સંતોષી શકે તેવી કોઇ શક્યતા આ અભ્યાસ દ્વારા રહેતી નથી એટલે બેકારી વધારવા સિવાય આ કોલેજો બીજુ કશું કરતી નથી.

ભૂતકાળના ૫૩૦૦૦ પી.ટી.સી.ના ડીગ્રી ધારકો નોકરી માટે લાઇનમાં ખડા છે. વધારાના આ ૪૩૭ કોલેજોની નીપજ ૪૫૦૦૦ વિદ્યાર્થીઓ ડીગ્રી સાથે રાષ્ટ્રને અર્પણ કરશે હવે સરવાળો ૯૮૦૦૦ હજાર પહોંચી જાય છે તેની સામે સરકારને પીટીસીના શિક્ષકોની ઘટ અને જરૂરીયાત ૧૦૦૦૦થી વધારે નથી તો બાકીના યુવાધન માટે બેકારીનું ખપ્પર તૈયાર હશે.

બી.એ., બી.કોમ. કે પી.ટી.સી. જેવી ડીગ્રી ધારક નોકરી સિવાય બીજો કોઇ વિકલ્પ તેને સાચવે નહી તેથી તેવા અભ્યાસુ માટે મર્યાદિત સંખ્યામાં કોલેજો રાખો અને વધુ સમાવેશ થઇ શકે તે વિભાગ એન્જી. વિભાગમાં વધુ સંખ્યામાં કોલેજો અને લેબ.ને મંજુરી આપો. ગરીબ વિદ્યાર્થીને તે વિભાગમાં શિષ્યવૃત્તિ પ્રદાન કરો તેમાંથી નાની મોટી ડીગ્રી મેળવીને બહાર આવનારો યુવા વર્ગ ઈન્ડસ્ટ્રીયલ વિભાગોમાં નોકરી મેળવીને ખુશ રહેશે કદાચ નોકરી નહી મળે તો કારીગર વર્ગ રોજીરોટી મેળવવા સક્ષમ બને છે. રાષ્ટ્રહિતને ધ્યાન રાખીને દરેક નિર્ણયો કરવામાં આવે તો જ પ્રગતિ થઇ શકે ભાષણબાજીથી પરિણામો નથી મળતા.

- વંદના કાવઠિયા (રાજકોટ)

### જાગૃત બનો

તંત્રીશ્રી,

કેટલીક કંપનીઓ દેશી તથા વિદેશી ભારતની પ્રજાને ચુસવા મેદાને પડી છે. તાલીમ વિતરણ પોતાના હસ્તક લઇ, મીટર મુકાવી, પ્રજાને ચુસ્ત પોતાના પેટ ભરવા ભારતભરમાં ઘુમી રહી છે. આપણા દેશમાં ઝીરો પી.પી.એસ. વાળુ પાણી નથી, ક્ષાર વાળુ પાણી છે આથી મીટર વારંવાર બગડી જશે. તેવી સંભાવના રહેલી છે તેથી પ્રજાને દંડવાનો મોકો પણ મળશે. પ્રજા જાગે મીટર મુકવાનું બંધ કરવા સત્તાવાળાને નિરંતર પત્રો લખે તથા પાણીનું ખાનગીકરણ કરવાનું માંડી વાળવા સત્તાવાળાઓને વારંવાર વિનંતી કરતા પત્રો લખે, અસરકારક, સંગઠીત બની આપણે સૌ લેભાગુ કંપનીઓને હાંકી કાઢીએ, પાણી વિતરણ સરકાર હસ્તક, ન.પા. કે મહાનગરપાલિકા હસ્તક જ રહે તથા પાણી ઉપર મીટર મુકવામાં ન જ આવે તે જરૂરી છે.

- દેવેન્દ્ર દેસાઇ

### તબીબી ક્ષેત્રે ખોટા ખર્ચ બંધ કરાવો

તંત્રીશ્રી,

તબીબી ઉપકરણો બનાવતી મલ્ટીનેશનલ કંપનીઓ દર વર્ષે વધુ ન વધુ અદ્યતન ઉપકરણો બજારમા મૂકે છે અને તેની ભારતમા મોટા પાયે નિકાસ કરે છે. આપણા ડોકટરો, પેથોલોજીકલ લેબોરેટરીઓના માલિકો અને હોસ્પિટલના સંચાલકો તેમના ચકકરમાં આવી જાય છે અને કરોડો રૂપિયાની કિંમતનાં આ સાધનો ખરીદે છે. મોતિયાનાં ઓપરેશન માટે ખરીદવામાં આવતાં માઇક્રોસ્કોપની કિંમત જ પાંચ લાખ રૂપિયા હોય છે. તેના માટે વપરાતું લેસર મશીન છ લાખ રૂપિયાનું આવે છે. નવી ટેકનોલોજીનો લાભ આપવાને બહાને હકીકતમાં આ ઉપકરણોની કિંમત પ્રજાનાં ખિસ્સાંમાંથી જ વસૂલ કરવામા આવે છે. જે હોસ્પિટલો કરોડોનો ખર્ચ કરીને વિદેશી અદ્યતન ઉપકરણો વસાવે છે, તેમને પોતાનું રોકાણ, તેના ઉપરનું વ્યાજ અને નફો પણ પ્રાપ્ત કરવાના હોય છે. ઘણી વખત હોસ્પિટલ માં વસાવવામા આવેલા મોંઘાદાટ ઉપકરણોની કિંમત વસૂલ કરવા માટે જ દર્દી ને જરૂર ન હોય તો પણ ગૂંચવાડા ભરેલી ટેસ્ટો કરવામાં આવે છે.

પેથોલોજીકલ લેબોરેટરીઓ તરફથી ડોકટરોને કમિશન આપવામાં આવે છે. આ કમિશનની લાલચમાં ડોકટરો બિનજરૂરી ટેસ્ટો માટે ચિઠ્ઠીઓ લખી આપે છે. એક ડોકટરે હાર્ટના પેશન્ટ ને સીટી એન્જિયોની સાથે સાથે કોરોનરી એન્જિયોગ્રાફી કરવાની પણ ફરજ પાડી હતી, જેને કારણે તેમણે ૧૦,૦૦૦ને બદલે ૨૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો હતો. હકીકત માં આ બે પૈકી એક જ ટેસ્ટ કરાવવાની હોય છે. આજે પેથોલોજીની લેબોરેટરીઓમાં કરવામાં આવતી મોટા ભાગની ટેસ્ટો બિનજરૂરી હોય છે.

- સાગર આહિર

**વર્ષારાણી**

*વાટ જોઈ વર્ષારાણી આંખો રે થાકી,*
*રૂમઝૂમ કરતા હવે તો આવો ને !*
*ચાતક જોડે રે સંદેશા કહેવરાવ્યા,*
*હવે તો ઝટ દઈ જીદ છોડો ઓને !*
*મે આવ કરતા મોરલીયા ગહેક્યા,*
*સૂણી સાદ એનો હવે તો આવો ને !*
*તડપે છે ધરતી ને પશુ રે ભાંભરે,*
*મદમસ્ત ચાલે વહેલા આવો ને !*
*ભઠે બળી રહ્યા માનવ રે સારા,*
*રૂદીએ તમારે રાખી રામ આવો ને !*
*હેતેથી અમે તમે હૈયે રે ચાંપશું,*
*શોણલા સ્નેહનાં સાચા કરવા આવો ને !*
*તમને મન-ગમતા વૃક્ષો રે વાવશું,*
*વિજળી ચમકારે હવે તો આવો ને !*

**એ.કે.લાલાણી (રાજકોટ)**

**ખાબકો**

*રહી માનવ મનને અપેક્ષા વરસાદની,*
*સ્વાતિ જળની ચાતકને આકાંક્ષા વરસાદની.*
*પોકારે કરી ટહૂકા વિહંગ મયૂર વને,*
*સૂકી બળતી ધરાને રખે પરીક્ષા વરસાદની.*
*ખાલીખમ જળરાશિ મોં વકાસી બેસી રહી,*
*પૂછે સૌને કોણ કરે છે ઉપેક્ષા વરસાદની ?*
*માંડી મીટને કૃષિકારો ઝંખે હરપળ જેને,*
*પ્રતિપળ કરી રહ્યા જે પ્રતિક્ષા વરસાદની*
*પશુ-પંખીને વળી મેડક થનગને સત્કારવા,*
*કહો કોઈ વર્તારો હશે કેવી કક્ષા વરસાદની.*

**ચૈતન્ય જોષી (જામખંભાળીયા)**

**સરકાર**

*અણધારી આવી ગઈ, આ સોનિયાજી તમારી સરકાર,*
*હવે - ભૂખ, ભ્રષ્ટાચારને ભગાવજો, લેજો દુખીયોની દરકાર.*
*'યુવાનો આગે બઢો, દેશકો બચાઓ', આ રાહુલનો છે રણકાર,*
*હવે આતંકવાદ ને ત્રાસવાદને નાથવા, ઝીલવા પડશે પડકાર.*
*માલુ, લાલુ ને વિલાસુ એ ત્રણેય કામણગારા છે કલાકાર,*
*હવે જાકારો એમને જરૂર આપજો, એવું સૌ કહે જ્યોતિષો જાણકાર.*
*'પ્રાણ જાયે પર વચન ન જાયે' ઉકિતનો ઉમંગે કરજો સ્વીકાર,*
*હવે ભુખ્યા, તરસ્યા કોઈ ન રહે ના રહે કોઈ યુવાન બેકાર.*
*સંપ, સુખ, શાંતિના સથવારે ચાલતી રહે યુપીએ સરકાર,*
*શકિત સૌને સમર્પિત કરજો જય શિવ, મેરે ઓમકાર.*

**- અશરફ ચુડાસમા (વાપી)**

**બાળ સન્યાસને ભારત સરકારની પણ મંજૂરીની મહોર**

## દીક્ષા : જૈન શાસનની જીવાદોરી

તંત્રીશ્રી,

જૈન ધર્મનો આગમ શાસ્ત્રોમાં ચારિત્ર્ય વિના મુક્તિ નથી અને આજ્ઞાએ પરમો ધર્મછે. સુક્ષ્મમાં સુક્ષ્મ જીવદયા અને સર્વજીવ કરૂ શાસનરસી દ્વારા મનુષ્ય જીવનના આધ્યત્મિક વિકાસના અનેક માર્ગો અરિહંત પરમાત્માએ તીર્થની સ્થાપના કરી પ્રરૂપેલા છે. આ આધ્યાત્મિક વિકાનાં પંથમાં દીક્ષા, સંયમ, ચારિત્ર એ અવિભાજય અંગ છે. દીક્ષા ૮ વર્ષની વય પછી લઇ શકવાનું શાસ્ત્રોમાં સ્પષ્ટ ઉપદેશ છે.

દીક્ષા એ જૈન શાસનની જીવાદોરી છે તથા આત્મશુધ્ધિનો અનન્ય માર્ગ છે. જગતનાં સર્વજીવો સમાન અને મનુષ્ય જીવન જ આધ્યાત્મિક વિકાસ સાધી શકે છે. તેમાં એ બાળદીક્ષાએ દીક્ષા ધર્મનું અવિભાજ્ય અંગ છે. બાળદીક્ષા ઉપરનું આક્રમણ એ સમગ્ર શ્રી જૈન શાસન ઉપરનું આક્રમણ છે.

દીક્ષાની વય ૮ વર્ષથી લેવાની ખુદ ભગવાન શ્રી મહાવીરસ્વામીએ પુરાતનકાળ ૨૫૦૦થી વધુ વર્ષપહેલા બતાવી છે. તે પહેલા અનાદિકાળથી બાળદીક્ષાની પ્રથા ચાલતી આવી છે. જેની શાખ ખુદ આગમ વગેરે જૈન ધર્મોના પ્રાચીન શાસ્ત્રો આપે છે.

જૈન ધર્મ અનાદીકાળનો છે. પ્રત્યેક જૈનનું અંતિમ લક્ષ્ય મોક્ષ મેળવવાનું છે.

'આશક્તિનાં કારણે સંસારમાં રહે તે શ્રવાક નહી પરંતુ અશક્તિનાં કારણે સંસારમાં રહેવું પડે અને રહે તે જ સાચો શ્રવાક.'

'છોડવા જેવો સંસાર, મેળવવા જેવું સંયમ અને પામવા જેવો મોક્ષ, આ ત્રિપદી એ જ જૈન ધર્મનો સાચો નિચોડ છે.'

એ માટે દીક્ષા લેવી અનિવાર્ય છે. પ્રત્યેક તીર્થંકરો પરમાત્માઓ બાળદીક્ષાનો પણ ઉપદેશ આપે છે.

પરમાત્માના પ્રત્યેક વચનોમાં આત્માનાં અજ્ઞાનના અંધાપાને દૂર કરવાની તાકાત છે. મોહ મૂઢતાને દુર કરવાની તાકાત છે. વિવેકની શૂન્યતાને દૂર કરવાની તાકાત છે. રાગની રીબામણ - દ્વેષની દાહ અને વિષયોની વમળો શાંત કરી દેવાની તાકાત છે અને કષાયોની પરવશતાને ફંગોળી દેવાની તાકાત છે. પરમાત્માના વચનની શ્રધ્ધાથી આત્મામાં સાચો વિવેક પ્રગટે છે અને વિવેકી જીવ જ સંસારનાં મમત્વને છોડી દીક્ષા ધર્મનો આંગીકાર કરે છે. જૈન શાસ્ત્રોમાં બાળદીક્ષા આપવા લેવાની વિધિ સ્પષ્ટ બતાવી છે. જૈન ઈતિહાસ બોલે છે અત્યાર સુધીમાં હજારો બાળદીક્ષા થઇ છે અને ઘણાં પ્રભાવક કક્ષાના જૈન આચાર્યો મોટેભાગે બાળ દીક્ષીતોમાંથી પ્રસ્તુત સમાજને પ્રાપ્ત થયા છે.

સમગ્ર જૈન સમાજ બાળ-દિક્ષિતોનાં સંસ્કાર સિંચન પ્રત્યે પૂરતી કાળજી લેતો હોય છે. જૈન શાસનની ઉજળામણ અને અવિચ્છિન્નતાને જાળવી રાખવા તથા પોતાની ભાવી પેઢીના આધ્યાત્મિક વિકાસ અને ઉન્નતિને આગળ વધારવા જૈન શાસન ટ્રસ્ટ પોતાના તન-મન-ધનની તમામ શકિત ન્યોછાવર કરીને બાળદીક્ષા ઉપર આવેલા આક્રમણને હટાવવા સંકલ્પબધ્ધ - કટિબધ્ધ અને કાર્યબધ્ધ રહીને જવલંત વિજય પ્રાપ્ત કર્યો છે.

ભારતનાં સંવિધાનમાં નોટીફીકેશન આપી બંધારણીય કલમ ૨૫ અને ૨૬ દ્વારા ધાર્મિક સ્વાતંત્ર્યનાં મૂળભૂત અધિકારોની સુરક્ષા ફરીથી જાહેર કરી છે તેમજ જૈન ધર્મના બાળદિક્ષિતો જુવેનાઇલ જસ્ટીસ્ટ એમેન્ડમેન્ટ એકટના કાર્યક્ષેત્રની બહાર હોવાની ઉદ્‌ઘોષણા કરી છે. જેની સમગ્ર સ્વેતાંબર જૈનોનાં તમામ સંપ્રદાયો અને ફિરકાઓ જેવા કે તપગચ્છ - ખતરગચ્છ - અચલગચ્છ - સ્થાનકવાસી - તેરાપંથી વિગેરેએ ખૂબ ઉલ્લાસપૂર્વક આવકારી બહાલી આપેલ છે.

કેન્દ્ર સરકારનાં મંત્રાલયો જેવા કે મિનીસ્ટ્રી ઓફ લો એન્ડ જસ્ટીસ્ટ તથા વુમન એન્ડ ચાઇલ્ડ વેલ્ફેર મિનિસ્ટ્રી એ ખૂબ ચીવટપૂર્વકનો અભ્યાસ કરી તમામ પુરાવા ચકાસ્યા બાદ મુંબઈથી અનેક આગમો તથા શાસ્ત્રો મંગાવી તેના સાંસ્કૃતિક પાઠો તથા તેના અંગ્રેજી અનુવાદ તપાસ્યા બાદ પૂર્ણ સમાધાન થતાં નોટીફીકેશનો લખી આપ્યા એજ આશયનું નોટીફીકેશન ભારત સરકારના રાજપત્ર (ગેજેટ)માં છપાયું.

બાળદીક્ષાનાં વિરોધનાં મુદ્દે પૂર્વે પણ અનેક વખત ઉહાપોહ થયો હતો. વડોદરા રાજ્ય તરફથી તથા લોકસભા - મહારાષ્ટ્ર વિધાનસભા - ઈન્દોરનાં અરવિંદ જૈન તરફથી સુપ્રિમ કોર્ટમાં આવા ઉગ્ર ઉહાપોહની સામે ભગવાને બતાવેલ માર્ગની રક્ષા હેતુથી જૈન સાધુ-સમાજનાં વડીલ મહાપુરૂષોએ સવિશેષ પૂજ્ય સાગરજી મ.સા. તથા દીક્ષાયુગ પ્રવર્તક સંઘ સન્માર્ગ દર્શક તથા ગચ્છાધિરાજ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ દ્વારા તેના સબળ - સફળ પ્રતિકાર પણ થયો હતો. આજે પણ વર્તમાન કાલિન મહાપુરૂષો પૂ.વ. આચાર્ય ભગવંતોની આજ્ઞા ઝીલીને તેમના સ્વપ્નોને પૂર્ણ કરવા સબળ બાળ-દીક્ષા વિરોધનો પ્રતિકાર કરે છે. જેમાં સવિશેષ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય કિર્તી યશ સૂરીશ્વરજી મહારાજે પોતાની સૂઝ-બુઝ અને કાર્યશક્તિથી સત્વપૂર્ણ શ્રાવકોને પ્રેરણા કરી સમગ્ર જૈન સમાજને જવલંત વિજય અપાવવામાં અગ્રિમ ભાગ ભજવ્યો છે. તેઓની નિશ્રામાં મુંબઇ મુલુંડ ખાતે બાળદીક્ષા વિરોધી તત્વો સામે અંદાજે આઠ માહ પૂર્વે લડત આપવા મહાસભા યોજાઇ હતી. જેના પરિણામ સ્વરૂપે આજે સફળતા જોવા મળી રહી છે.

મિનિસ્ટ્રી એ હાલ જૈન શાસન ટ્રસ્ટને મુંબઇ ખાતે પાઠવેલ પત્ર અનુસાર બાળદીક્ષા હજારો વર્ષોથી લેવાતી આવી છે. રાજસ્થાન અને મુંબઇ હાઇકોર્ટે પણ તેને સુરક્ષિત ધાર્મિક ક્રિયા જણાવી છે. તથા હિન્દુસ્તાનનો કોઇપણ કાયદો તેને અટકાવી શકતો નથી તેવું સ્પષ્ટ લખાણ છે. જેથી જુના ચાલતા બાળદીક્ષાનાં વિરોધનાં કોઇપણ કોર્ટ -કચેરીનાં કેસમાં બાળદીક્ષાનાં મુદ્દે ભારત સરકાર તરફથી ગેઝેટ (રાજપત્ર) જાહેર થતાંતેવા કોર્ટ કેસો નિરર્થક પૂરવાર થશે અને બાળદીક્ષા વિરોધીની કારમી પરાજ્ય થાય તેવું જૈન શાસન ટ્રસ્ટનાં પ્રવકતા દ્વારા જાણવા મળ્યું છે. તેઓ વધુમાં જણાવે છે કે જૈન શાસનમાં કરવામાં આવતી બાળદીક્ષા સામેની વિરોધ પશ્ચિમી વિચારોનાં પરિબળોને આભારી છે. જેના કારણે બાળદીક્ષા વિરોધ એક વ્યાપક જુવાળ પેદા થયો છે પરંતુ જૈન ધર્મને મર્મથી સમજનાર ક્યારેય આવો નિષ્ફળ અને નિરર્થક પ્રયાસ કરતા નથી.

જૈન શાસ્ત્રમાં બતાવેલું તત્વજ્ઞાનને ઉંડાણથી અને વ્યાપકતાથી જાણશો તો વિજ્ઞાન પણ વામણું લાગશે.

જૈન શાસ્ત્રોમાં બતાવેલું તત્વજ્ઞાન અને સ્વર્ગ, નર્ક, પૃથ્વીલોક તેમજ અણુ પરમાણુ (માઇક્રોસ્કોપીક વર્લ્ડ અને મેક્રોસ્કોપીકવર્લ્ડ)નું સ્વરૂપ જાણશે તો જૈન તીર્થંકરોનાં સર્વજ્ઞય પણાનો સંદેહ પણ દૂર થશે. તેમણે ફરમાવેલી પ્રત્યેક આજ્ઞા - શંકા - કુશંકા ઉત્પન્ન નહી થાય. બાળદીક્ષા પણ તેમના દ્વારા જ બતાવવામાં આવેલી અનાદીકાળથી ચાલતી મોક્ષ સુધી પહોંચાડનારી એક સચોટ 'જીવન શૈલી' છે જેમાં સર્વથા પાપનો ત્યાગ જોવા મળે છે.

ભારત સરકારની વિવિધ મિનિસ્ટ્રીમાંથી જાહેર થયેલ પત્રો જૈન સંઘને સંઘાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે મુંબઇ ખાતે મુંબઇ બહારનાં ૧૫૦૦ ટ્રસ્ટો તેમજ મહાનુભાવોને આમંત્રણો મોકલાયા છે. ઘણાં જૈનાચાર્યો - જૈન શ્રેષ્ઠીઓ અને ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં રવિવાર તા. ૭-૦૬-૦૯ના મુંબઇ ભૂલેશ્વર (સી.પી. ટેન્ક) શેઠ મોતીશા લાલ બાગ જૈન ઉપાશ્રયમાં સવારે ૯ વાગ્યાથી કાર્યક્રમ આરંભ થશે.

આવા સમાન કાર્યક્રમો અમદાવાદ - સુરત વિગેરે સ્થાનોમાં સંઘાર્પણનાં કાર્યક્રમો થાય તેવી સંભાવના છે. (૨૧.૬)

**- આનંદ પરીખ (અમદાવાદ)**

**હાલ્યો ભણવા..**

*પાટી પેન લઈ હાલ્યો હું તો ભણવા,*
*મને કંઈ ન શરમ, ઉરમાં ઉમંગ... હાલ્યો ભણવાને...*
*શાળાએ જઈને, ભાંગી મારી ભ્રમણા,*
*ગુરૂએ કરાવ્યું ભણતર ભાન,*
*આપ્યું અક્ષર જ્ઞાન... હાલ્યો ભણવાને...*
*હું તો વાર્તા વાચું ને, વાંચુ વેદને,*
*કાઢું વકીલ તણો હું વાંક,*
*કેવી છે આ વાત.... હાલ્યો ભણવાને...*
*હવે અજવાળા થયા મારા ઉરમાં,*
*ભણતરનું આવ્યું ભરપૂર પુર,*
*હાલ્યો સામે પુર.... હાલ્યો ભણવાને...*
*મારા ગુરૂએ મહામંત્ર આપ્યો,*
*તમે શ્રમ નો સજો શણગાર,*
*થાશે બેડો પાર... હાલ્યો ભણવાને...*

**- નાગજીભાઇ બગડા (વિરવા, તા. લોધીકા)**

**કદી..**

*એવું નથી કે તમને સંભાર્યા નથી કદી,*
*કિન્તુ જીવનના રાહ વિચાર્યા નથી કદી.*
*હરપળ તમારી યાદ હૃદયમાં સઘન બની,*
*એ પણ ખરૂં કે તમને પુકાર્યા નથી કદી.*
*જેના વિજયને જોશથી ઈતિહાસ વર્ણવે,*
*કોણે કહ્યું જીવનમાં એ હાર્યા નથી કદી.*
*તો પણ પૂરા થયા નહીં કિસ્મતની વાત છે,*
*સ્વપ્નો જીવનથી દૂરના ધાર્યા નથી કદી.*
*મારી સજાનું એ જ તો કારણ બની ગયા,*
*જે ભાવ જિંદગીમાં ઉતાર્યા નથી કદી.*
*ચહેરાની કરચલીઓ નથી વયની નિશાની,*
*ચીલા છે આંસુઓનાં જે સાર્યા નથી કદી.*
*'મહરમ' રહ્યો વહેવાર આ મિત્રોનો જગતમાં,*
*વિશ્વાસમાં રાખ્યા છે ઉગાર્યા નથી કદી.*

**- પ્રતાપ રેવર (રાજકોટ)**

**ધર્મ**

*સતકર્મ એજ... સમજી ધર્મ,*
*સતકર્મ સૌ... કરતાં રહે,*
*મોહમાયા ના વળગણ ના રહે,*
*સુખ સઘળે છવાઈ રહે,*
*પરસ્પર માનવતા દર્શાવતા,*
*તૂટતા રહે બંધન વેરભાવના,*
*જગમાં ના રહે કોઈ દુખિયારૂ,*
*જગ ભાસે સ્વર્ગ સમુ રળિયામણું !*
*રાખીએ સૌ... ઝંખના જીવનમાં,*
*તૃપ્ત થતી રહે સૌની અભિલાષા,*
*સંસારે સૌ જન્મ સુખી રહે,*
*સર્વત્ર છવાઈ રહે સદ્‌ભાવના !*

**- ધીરૂભાઇ કક્કડ (રાજકોટ)**





**ધોની ટોળકી ઘર ભેગી : જાહેરખબરમાં છક્કા મારનારા મેદાન પર ધોવાઇ ગ્યા... આઇપીએલમાં થાકી ગ્યા'તા તો વર્લ્ડકપમાં રમવાના સમ કોણે આપેલા ? ઘેર બેસો અને સવા અબજમાંથી બીજાના વારા આવવા દયો!**